શ્રી

જુગતંબાસ્તવન.

અંક બારમો.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર,

નડીયાદ નિવાસી—નાગર સાઠોદરા.

માણેકલાલ લલ્લુભાઈ મહેતા.

રીચીરોડના પુલ નીચે આવેલા શ્રી જૈન વિ૦ વિ૦ પ્રી૦ પ્રેસમા

શાહ ચુનીલાલ અમથાશાએ છાપ્યું.

અમદાવાદ.

સંવત ૧૯૭૦. પ્રત ૫૦૦ / સને ૧૯૧૪.

ચૈત્ર શુકલપક્ષ.—એપ્રીલ

(મફત)

॥ શ્રી ॥

જુગતંબા સ્તવન.

ગણુપતીની સ્તુતી.

દોહરો.

ગીરજાસુતને વીનવુ, પ્રથમે નમુ તુજ પાય,
દ્વાદશ સ્તવન અંબાતણુ, રચવાને કર્ય સાહ્ય.

સરસ્વતીની સ્તુતી.

દોહરા.

સરસ્વતી બ્રહ્મતનયા તમે, વીશ્વતણી મંમાય;
દ્વાદશમા સ્તવને મને, રચવાને કર્યે સાહ્ય.
વીણા પુસ્તક ધારીને, હંસે થઇને સ્વાર;
જીવ્હાગ્રે વસજો તમે, મ્હારે તુજ આધાર.
કરૂણા કરને માવડી, સદમતી તું દેનાર;
ગુણ ગાવા અંબા તણા, કાર્ય સર્વ સુધાર.
આરાધે આનંદથી, કવી કરે તુજ આશ;
જગજસ ત્હેને દેઈને, જીભે કરતાં વાસ.
અકળ ગતી છે તાહરી, સઉ ઠામે વસનાર;
સારૂં ખોટું નવ જુઓ, મહીમા તુજ અપાર.

ભૈરવ તથા સર્વ રાગ ચોતાલ.

મંગળ છે ત્હારૂ નામ, મંગળ છે ત્હારૂ કામ,
મંગળ છે ત્હારૂ ધામ, ત્રીભુવન માત તું. ટેક.
તુજ ચરણ શીશ નામુ, માત જુઓ ભક્ત સામુ;
નિરખીને આનંદ પામુ, અકળ અજાત તુ. મંગળ. ૧
એવી અંબા છો મહાન, સ્વેતગીરી બીરાજમાન;
જાણોછો ભકતોની બધી અંતરની વાત તુ. મંગળ. ૨
માણેકલાલ ગુણ ગાય, પાપ તાપ સર્વ જાય;
નિત્ય દ્યો આનંદ માજી, મ્હારે માત તાત તુ. મંગળ. ૩

રાગ ખમાચચી.

દર્શન બીન સુખ મુજ થાય નહી,
સુખ થાય નહી સમજાય નહી. દર્શન ૧
તલપ તલપ મુજ તનડુ રે તલસે,
છબી તુજ મા વીસરાય નહી. દર્શન. ૨
સુંદીર મુરતી નીરખવા ત્હારી,
ધીરજ અલ્પ ધરાય નહી. દર્શન. ૩
વારી વીના જેમ મીનજ તલપે,
મુખથી કાંઇ ઉચરાય નહી. દર્શન. ૪
એ ગતી થઇ છે મુજ રૂદયની,
દ્યો દર્શન જીવ ગભરાય નહી. દર્શન. ૫
માણેકલાલની શીરછત્ર મૈયા,
દર્શન બીન શાંન્તી થાય નહી. દર્શન. ૬

માતાજીના સાત વારની સ્વારીની ગરબી.

આદીતે અંબાય, વાઘની સ્વારીરે;
મને થાય અતી આનંદ, નીરખી છબી ત્હારીરે ૧
સોમે સૈલ્ય સુતાય, નદી બીરાજોરે,
ઉમયા પારવતી નામ, ગોખે ગાજોરે. ૨
મંગળે થઇ સિંહસ્વાર, કર્યા જસ ભારીરે,
માર્યા મહીશ ને શુંભ નીશુંભ, ત્રીશુળ ધારીરે, ૩
બુધે બાળા રૂપ, ગજે કરી સ્વારીરે,
હસ્તીએ નીરખી માત, જાઉ બલીહારીરે. ૪
ગુરૂએ ગરૂડપર માત, લક્ષ્મી બીરાજોરે,
કોટી સુર્યતણું છે તેજ, રાજેશ્વરી રાજોરે. ૫
શુકરે સ્વારી હુસની, મા ત્હારીરે;
બ્રહ્માણી છો ભરપુર, અતી બળ ધારીરે. ૬
સનીએ સરસ્વતી માત, મયુરની સ્વારીરે,
નીરખી દીલ મુજ હરખાય, અકળ ગત ત્હારીરે. ૭
સાતે વાર નર નાર, સ્વારીના ગાશેરે,
ત્હેની અંબા પુરશે આશ, આનંદ થાશેરે. ૮
માણેકલાલને કર્ય સાહ્ય, નડીયાદ રહે છે રે;
તુજ નામતણો આધાર, કર જોડી કેહે છે રે. ૯

નવરાત્રીનો ગરબો.

રાગ પુનમ ચાંદનીનો બેવડા રાગથી ગાવું.

આવ્યા નવરાત્રીના દીન, અતી રળીયામણારે,
સુંદીર શરદ રૂતુની ખીલી ચાંદની રાત,

રમવા ચાચરમાં અંબાએ ગરબો મેલીઓરે,
એવે આવ્યાં બહુચર કાળી તુળજા માત,
આવ્યાં ચંપકવરણી ચોસટ ચાચર ચોકમાંરે,
ચંચળ ચીતથી ગરબા ગાવાની કરે વાત;
ચાલો ચાચરમાં અંબાના ગુણલા ગાઇએરે. ૧

સાખી.

શકતો સરવે આવીયાં, તેજ તણો અંબાર;
સાડીઓ કસબી કોરની, ચોળીમાં જરીયન તાર.
એહેવી સાડીઓ ચોળી ચીર ચરણા પેહેરીનેરે,
આવ્યાં ગરબે રમવા માએ આપ્યાં માન,
કોટી સુર્યતણુ છે તેજ કપાળે ચાંદલારે,
ઝગમગ ઝળકે વાળી એરીંગ પહેર્યા કાન. ચાલો ચા. ૧

સાખી.

દામણીયો હીરે જડી, મોતી ઝળકે ભાળ,
તારા ટપકી જળહળે, ચોહોડી ગોરે ગાલ.
કંઠે ફુલહાર શોભે રત્નમણીના હારડારે;
તેમાં જડીયા હીરા માણેક મોતી પ્રવાળ,
ચોફેર ચંપકકળીમાં, ઘુઘરી ચંદનહાર છેરે;
નવસર હાર ને હીરા કંઠી મોહનમાળ. ચાલો ચા. ૩

સાખી.

ચેણુમાળા ને કાંઠલી, મુક્તામાળા ઉર;
ઝુમણુનેજ વાળીઓ, દીસે છે ભરપુર.

હાથે બંગડીયો ચુડીને કંકણુ કાંકણીરે,
ગજરા ગુજરીયો મોતીના વાંક વીશાળ;
વેઢ વીંટીઓ અંગુઠી ને કડાં સાંકળાંરે,
સરવે ભગવતીઓ દીસે છે રૂપ રસાળ. ચાલો. ૪

સાખી.

ગરબો શક્તો ગાય છે, ધરીઆ ભુશાણુ અંગ;
ચાચરમાં ફરે કુદડી, સરખા સરખી સંગ.
નેપુર ઠમકે ઘુઘરા ઘમકે ઝમકે ઝાંઝરાંરે,
કલ્લાં કાંબી અણુવટ ઝળકે લગર પાય;
ગાએ ગીત રસાળાં રંગીલી રંગે ભર્યાંરે,
ત્હેના કોકીલ કંઠની ધુન ગગનમાં જાય. ચાલો. ૫

સાખી.

આનંદથી અલબેલીઓ, ગાયે ગીત ને છંદ,
તાળી લે બહુ તાનમાં, ઉપજાવે આનંદ.
નવ દીન નવરાત્રીના એમ અતી આનદ ભર્યાંરે,
ચાચર રમીયાં જમીયાં અંબાને દરબાર;
વીજયા દસમી કરીને માતગી વેરાઇ ગયાંરે,
દેવે અંત્રીક્ષ રહીને વરસાવ્યા ફુલહાર. ચાલો. ૬

સાખી.

ગરબો આ નવરાત્રીનો, શીખે સુણે જે ગાય.
અંબા નવનીદ્ધ આપશે, આનંદમાં દીન જાય.
સંવત ઓગણીસ્હેં સીતેરના ચઇતર માસમાંરે,

સુદી ત્રીજ અને રવીવાર અતી સુખ રાસ;
તે દીન માણેકલાલે ગરબો મા ત્હારો ર્ક્યોરે,
નાગર સાઠોદરો છે નડીયાદ મધ્યે વાસ. ચાલો. ૭

રાગ પુનમ ચાદનીનો.

ચાલો દરશન કરવા અંબાના દરબારમાંરે,
જેથી અંબા આપે આપણુ સઉને સુખ;
માના ચાચરમાં મજેથી ગુણુલા ગાઇએરે,

સાખી.

નારાયણી હયો ન્યાળીને, તનમાં તાઢક થાય;
પુજા કરો સઉ પ્રીત્યથી, આનંદમાં દીન જાય.
અતી ઉમંગે માજીના ગુણુ ગાવતાંરે,
આપે અમરપદ ને મોક્ષ સદા સુખદાય. માના. ૧

સાખી.

ઉત્તર શંભુ સુત છે, દક્ષીણુ વારાહી માત;
ચાચર પાસે શીવ વસે, અખીલ વીશ્વના તાત.
માનો ચાચર છે ત્યાં સુંદીર સોહામણોરે,
ફરતા પગલે પગલે પાપ સકળ દુર થાય. માના. ૨

સાખી.

જગતંબા જગદીશ્વરી, જાગતી જયોત અપાર,
મંમાયા તુજને નમું, નિત્ય દેજો દેદાર.
માના ઉમરા ઉપર જસોદાએ ચાંલ્લા ર્ક્યારે,
જ્યારે ઉતરાવ્યાતા શ્રી કૃષ્ણજીના વાળ. માના. ૩

સાખી

સાળ કૃત સીંહ્‍ાસને, ઉદયકાર ઉદ્યોત;
બીરાજ્યાં જગ માવડી, જાગતી જેની જ્યોત.
દ્વાર મંમાયાનાં ચાંદીથી સુંદર મડયાંરે,
મંડપમાંહે ત્યાં તો સ્થભ દીસે છે બાર. માના. ૪

સાખી.

ઉંચુ ડેહેરૂં અગાસીએ, ત્રીશુળ કરે ચળકાર;
શીખરે સોના કળશ છે, પવનપાવડી સાર.
ફરકે ધજાઓ સોનેરી રૂપેરી રંગનીરે,
ઊંચુ જોતાં સરવે તે નજરે દેખાય. માના. ૫

સાખી.

પ્રદક્ષણા કરો પ્રીત્યથી, હરખી રદય મોઝાર;
જનમી ના જોયાં માતને, એળે ગયો અવતાર.
માના ચાચરથી ઉતરતા એક કમાન છેરે,
ત્હેની નીચે દીસે હુવન કુડ જગાય. માના. ૬

સાખી.

નડીયાદી જનને તમે, સદાય કરજો સાહ્ય,
શ્રાવણ સઘે આવીને, ગુણ તમારા ગાય.
અખડ આનંદ દ્યો અબે બહુચર બેલડીરે,
માનો માણેકલાલના માજી તમે પ્રણામ. માના. ૭

ગરબી.—રાગ પીલુ.

ચાલો જઇએરે અંબાને દરબારે,
જઇ નમીએ માને પારે;
સામા રહીનેરે અરજ અંબાને કરીએ,
માનુ ધ્યાન રૂદયમાં ધરીએ.
ઝુલ—બેઠાં સીંહાસને બળધારીરે,
કીધી સીંહની ઉપર સ્વારીરે;
અસી ત્રીશુળ કરમાં ધારીરે,
સજયા શણુગારરે, અતી ઉત્તમ બહુ ભારે. જઇ.
પેહેર્યા ચરણારે જેને ઘુઘરી ધમકે,
જોઇ ચપળાનાં ચીત ચમકે,
સાડી જરકસીરે હીરા જડીત્ર છે કોર,
ચોળીમાં સોનેરી મોર.
ઝુલ—મુગટમાં હીરલા ચળકેરે,
દામણીએ મોતી લળકેરે,
કોટી સુર્યસમુ મુગ મળકરે,
પેહેરી વાળીરે મ્હોટા મુલની ભારે. જઇ. ૨
કુમકુમનીરે આડ કરી છે કપાળે,
તારા ટપકી ચોહોડી ગાલે;
કાને એરીંગરે અલબેલીને લળકે,
મોતી રત્ન જડેલાં ચળકે.
ઝુલ—કંઠે હાર એકાવળ ધરીયારે,

ચંપકકળીમાં ચીત્ર ચીતરીયાંરે;
મોહનમાળા ઝુમણું ચીત હરીયાંરે,
હાર ફુલનારે જાઇ જુઈ મંદારે. જઇ. ૩
ચુડી બંગડીરે કંકણીયો કર ધારી,
ગુજરા ગુજરીયો સારી;
વાંક મોતીનારે કટીએ છે કંદોરો,
મુસ્તકપર મોતી તોરો.
ઝુલ—પાએ નેપુર ઘુઘરા ઘમકેરે,
અણુવટ ને બીછુવા ઠમકેરે;
કલ્લાં કાંબી ઝાંઝર ઝમકેરે,
દેજો દરસનરે દાસને વારંવારે. જઈ. ૪
જસવંતીરે જગજસ મુજને દેજો,
મુજ રૂદયકમળમાં રેહેજો.
નિજ દાસનેરે નવનીદ્ધ માજી દેજો,
મુજ પ્રણામ માની લેજો.
ઝુલ—માણેકલાલ રાખે તુજ આશરે,
હું છું ચરણકમળનો દાસરે;
ગુજરાતે નડીયાદ વાસરે.
ગુણ આવારે તેડજો તમ દરબારે જઇ. ૫

ગરબી–સારૂ સારૂરે સુરત શેહેર એ રાગ.

ંબે આરાસુરરાય આનંદે નીરખુ,
ા ભક્તની કરતાં સાહ્ય, દીલડામાં હરખુ;

મા દીલમાં હરખુ નયણે નીરખુ, ધ્યાન ધરૂ નીત્ય ત્હારૂંરે,
વીશ્વંભરી વીશ્વાસ તમારો, સંકટ કાપો મ્હારૂ આનંદે. ૧
નારાયણી તમ નામ છે સાચુ, જાગતી ત્હારી જ્યોતરે;
જગતમાં જગદીશ્વરી દેવી, ઉદયકાર ઉદ્યોત. આનંદે. ૨
શીવ વીધી વીશ્નુ નામ જપે તમ, વીનવે વારમવારરે;
રાજ્યરાજેશ્વરી છો જગમાયા, નોધારા આધાર. આનંદે. ૩
દેવ સકળનાં દુખ મા હરીયાં, મારી અસુર અપારરે;
રક્તબીજને રણમાં રોળ્યા, મહીશને માર્યો માર. આનંદે. ૪
શુંભ નીશુંભને માર્યા ખોળી, રૂપધરી મ્હા ક્રુરરે;
આનંદ આપ્યો સુર સકળને, ચુંડ મુંડ કીધા ચુર. આનંદે. ૫
વીજય કરો વીશ્વંભરી બાળા, બહુચર મા બીરદાળીરે;
આરાસુરમાં અંબે બીરાજો, પાવેગઢ મ્હાકાળી. આનંદે. ૬
વીશ્વ સકળમાં વાસ છે ત્હારો, ઠાલો નહી કોઇ ઠામરે,
સુર મુનીવર સઉ ધ્યાન ધરે છે, ભક્તના પુરણકામ. આનંદે. ૭
માણેકલાલ તો ગુણ તુજ ગાએ, નડીયાદ મધ્યે રેહેછેરે;
નાગર સાઠોદરો ભક્ત છે ત્હારો, કરજોડીને કહે છે. આનંદે. ૮

ગરબી–રાગ પીલુ.

બહુચરીયાંરે બીરદાળી છો માતા,
કરો ભક્તોને સુખશાતા;
શ્વેતાચળથીરે આવ્યાં ચુંવાળ ચોકે,
બીરાજો છો બહુ શોખે.
ઝુલ—કળયુગમાં પરચા દીધારે,

નારીના નર કરી દીધારે;
જગતમાં જસ બહુ લીધારે,
ભગવતીરે અભયાવરની દાતા. કરો ભ. ૧
બળવતીરે ભવમાં ભોળી ભાળી,
છો ભક્તતણી પ્રતીપાળી;
કલ્યાણીરે કરૂણા કરજો કૃપાળી,
નીજ ભક્તનાં દુખ દ્યો ટાળી.
ઝુલ—ત્હારા માનસરોવર નાહેરે,
ત્હેના પ્રાશ્ચીત પ્રલે થાએરે;
મન વાંછીત આપો માયરે,
જુગતબારે વીશ્વ વીશે વીક્ષાતા. કરો ભ. ૨
બેઠાં ગોખેરે કુકડે કરીને સ્વારી,
મા અકળ ગતી તમ ન્યારી;
અલબેલીરે ત્રીપુરા ત્રીશુળ ધારી
ઘણા દહીંતોને નાખ્યા મારી,
ઝુલ—ઘણા રંકને રીદ્ધસીદ્ધ આપીરે,
કર્યા રાય ત્હેં દુખ સઉ કાપીરે,
નામ જપતાં તર્યા બહુ પાપીરે,
અખીલેશ્વરીરે આદ્ય ભવાની માતા. કરો ભ. ૩
મતબાલીરે મ્હોટી છો મમાય,
તુજ દરશણથી દુખ જાય;
સંકટ સમેરે કરજો મુજને સાહ્ય,

કર જોડીને લાગુ પાય.
ઝુલ—ગુજરાતે નડીયાદ શેહેરરે,
વસે દાસને કરજો મેહેરરે;
નિત્ય દરશન દ્યો રૂડી પેરરે,
માણેકલાલરે ગુણ તુજ માજી ગાતા. કરો ભ. ૪

ગરબી—લોચન મનનોરે ઝઘડો, કે લોચન મનનો—એ રાગ.

ચાલો આરાતેસુરની માંહ્ય, મૈયા અંબે બીરાજે,
દરશન કરવાને ત્યાંય, જ્યાં રાજેશ્વરી રાજે.

સાખી

પ્રથમે ચાચરમાં જઇ, નમીએ માને પાય,
દર્શનનું સુખ આપશે, જેનું ચીતછે શુદ્ધ સદાય. મૈ. ૧

સાખી.

સીંહાસનપર શોભતાં, સીંહ ઉપર થઇ સ્વાર;
નારાયણીને નીરખીને, હુ તો હરખુ રદય મોઝાર. મૈ.

સાખી.

મંડપ છે સોહામણો, સ્થભ દીસે છે બાર;
સામા વાઘ બેસારીયા, ચાંદીથી મડયાં માજીનાં દ્વાર. મૈ.

સાખી.

જસોદાજીએ આવીને, ઉમરાપર અજવાળ;
કુમકુમે કર્યા ચાંદલા, જ્યારે ઉતાર્યા કૃશ્નના વાળ. મૈ.

સાખી.

ચાચર છે રળીયામણો, ફરતાં દુખ સઉ જાય;
આનંદ આપે અતિઘણો, જે કોઈ ગુણ અંબાના ગાય. મૈ.

સાખી.

ઉંચું ડેહેરૂં અગાસીએ, ત્રીશુળ કરે ચળકાર;
શીખરે સોના કળસ છે, ઉંચું જોતાં દીસે ઝળકાર. મૈ.

સાખી.

માન સરોવર માતનું, પુર્વ ભણી દેખાય;
નરનારી જે નાહ્ય છે, ત્હેનાં પ્રાશ્ચીત પ્રલ્લે થાય. મૈ.

સાખી.

માણેકલાલના માનજો, માજી કોટી પ્રણામ,
વસે શેહેર નડીયાદમાં, ગુણ ગાવાને આપો મા હામ. મૈ.

દોહરા.

બાર સ્તવન પુરાં કરી, અંબા નમું તુજ પાય,
ભક્ત તમારો વીનવે, અતી ઉમંગે માય.
કુશળ સુખ દેજો સદા, નવનીદ્ધ તું ભરનાર;
દરશનનું સુખ આપજો, તેડી તમ દરબાર.
ઓછું ઘેહેલું મ્હે લખ્યું, સ્તવને જે મંમાય;
ક્ષમા કરો મા ભક્તને, આરાસુરની રાય.
સાચા મનથી તાહ્યરા, જે જન ગુણલા ગાય;
નિત્યે આનંદ આપજે, જય જય જુગતંબાય.

પુર્ણ થયો છે ખેલ સજનો પુર્ણ—એ રાગ.

પ્રીત્યે કરૂં હું પ્રણામ, અંબે મૈયા પ્રીત્યે કરૂં હું પ્રણામ. ૧
ભક્તનાં પુરણ કામ. અંબે મૈયા. ૨
બાર સ્તવન આ રચવા તમારાં,
આપી તમે મને હામ. અંબે મૈયા. ૩
તમ પ્રતાપે પુરણ કીધાં,
સ્વીકારો તે તમામ. અંબે મૈયા. ૪
અભયાવર દ્યો મા મતબાલી,
હું છું તમારો ગુલામ અંબે મૈયા. ૫
આ જગમાં મ્હારે આશરો ત્હારો,
અન્ય નથી વીશરામ. અંબે મૈયા. ૬
કુશળ સુખ દેઈ શ્રાવણ સંઘે,
તેડો આપી મુને હામ અંબે મયા. ૭
આવીને પુજુ પારો તમારો,
એ વર દ્યો અભીરામ. અંબે મૈયા. ૮
દાસની વીનતી ઉર ધરીને,
પુરો મનવંછીત કામ. અબે મૈયા. ૯
અખંડ આનંદ દાસને દેઇને,
ટાળો તીમીર તમામ. અબે મૈયા. ૧૦
માણેકલાલ કહે મૈયા મ્હારા,
માનજો કોટી પ્રણામ. અંબે મૈયા. ૧૧

સમાપ્ત.

જાહેર ખબર.

સરવે સદગ્રહસ્થોને ખબર આપવામાં આ
વે છે કે શ્રી જુગતંબા સ્તવનના બાર ભાગનાં
ચોપડીઓ જેમાં નાટકના રાગના ગરબા છંદ
તથા રાગરાગણીથી ભરપુર છપાયલી છે તે મફત
આપીએ છીએ. તે મળવાનું ઠેકાણું:—

કર્તા પાસેથી.

અરજનલાલની લીમડી પાસે

મુ. નડીયાદ.